ક્રમાંક:મઉમશબ/પરીક્ષા(માધ્યમિક વિભાગ/૧૦૫૩
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર-૧૦/બી, જુના સચિવાલય પાસે,
ગાંધીનગર, તા.૧૬/૦૪/૨૦૨૧

પ્રતિ,
આચાર્યશ્રી
માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ
ગુજરાત રાજય

વિષય:-ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગર દ્વારા યોજાનાર ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની જાહેર પરીક્ષા મોકુફ રાખવા બાબત.

શ્રીમાન,

ઉપરોકત વિષયના અનુસંધાને જણાવવાનું કે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ અને સામાન્ય પ્રવાહની વર્ષ-૨૦૨૧ની પરીક્ષાઓ તા:-૧૦/૦૫/૨૦૨૧ થી તા:-૨૫/૦૫/૨૦૨૧ દરમ્યાન યોજવામાં આવેલ હતી.

Covid-19ની સાંપ્રત પરિસ્થિતિમાં રાજયના ૦૮ મહાનગર પાલિકા વિસ્તારોમાં અને ૨૦ શહેરોમાં રાત્રી કર્ફયુ લાદવામાં આવેલ છે. બોર્ડ દ્વારા ૦૮ મહાનગર પાલિકા વિસ્તારોમાં ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના પ્રાયોગિક પરીક્ષા પણ હાલ પૂરતી મોકુફ રાખવામાં આવેલ છે તેમજ ધોરણ-૧૦ ના શાળા કક્ષાએ યોજવાના વિષયની પરીક્ષાઓ પણ મોકુફ રાખવામાં આવેલ છે.

આમ Covid-19ની સાંપ્રત પરિસ્થિતિ ધ્યાને લેતાં રાજય સરકાર દ્વારા ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ અને સામાન્ય પ્રવાહની પરીક્ષાઓ કે જે આગામી તા.૧૦/૦૫/૨૦૨૧ થી તા.૨૫/૦૫/૨૦૨૧ દરમ્યાન યોજાવાની હતી. તે હાલ પૂરતી સ્થગિત રાખવામાં આવે છે. Covid-19 ની સંક્રમણની પરિસ્થિતિની સમીક્ષા કરીને આગામી તા.૧૫/૦૫/૨૦૨૧ના રોજ બોર્ડના ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ અને સામાન્ય પ્રવાહ પરીક્ષાના આયોજનની વિચારણા ઉચ્ચ કક્ષાએ કરવામાં આવશે. ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ અને સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓને પરીક્ષા શરૂ કરવાની નવી તારીખ નક્કી કરવામાં આવે તે તારીખ અને જાહેરાતની તારીખ વચ્ચે ઓછામાં ઓછા ૧૫ દિવસનો સમયગાળો પરીક્ષાર્થીઓને મળી રહે તે રીતે પરીક્ષાની નવી તારીખની જાહેરાત કરવામાં આવશે.

સમગ્ર રાજયમાં કોરોના સંક્રમણની વ્યાપકતા ધ્યાને લેતાં વિદ્યાર્થીઓના હિતમાં ધોરણ-૯ થી ધોરણ-૧૨નું પ્રત્યક્ષ શિક્ષણ (વર્ગખંડ શિક્ષણ) આગામી તા.૧૦/૦૫/૨૦૨૧ સુધી અથવા રાજય

સરકાર દ્વારા અન્ય આદેશ ન થયા ત્યા સુધી બંધ રાખવાનું રહેશે. ઓનલાઇન શિક્ષણ પ્રક્રિયા ચાલુ રાખવાની રહેશે.

(ડી.એસ.પટેલ)
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
ગાંધીનગર

નકલ સવિનય રવાના

૧) માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧ ત્રીજો માળ, નવા સચિવાલય, ગાંધીનગર.
૨) માન.શિક્ષણમંત્રીશ્રીના, અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧ બીજો માળ, નવા સચિવાલય, ગાંધીનગર.
3) માન.રાજયકક્ષાના મંત્રીશ્રી શિક્ષણના, અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨ બીજો માળ, નવા સચિવાલય, ગાંધીનગર.
૪) માન.અગ્રસચિવશ્રી (શિક્ષણ) શિક્ષણ વિભાગ બ્લોક નં:-૫, ૮મો માળ, નવા સચિવાલય, ગાંધીનગર.
૫) માન. સચિવશ્રી, (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ) શિક્ષણ વિભાગ, બ્લોક નં:-૫, ૭મો માળ, નવા સચિવાલય, ગાંધીનગર.
૬) નિયામકશ્રી, શાળાઓની કચેરી, બ્લોક નં:-૯, ૧લો માળ જુના સચિવાલય ગાંધીનગર.
૭) ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રી, બ્લોક નં:-૧૨, જુના સચિવાલય, ગાંધીનગર.
૮) સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સમગ્ર શિક્ષાની કચેરી, સેક્ટર-૧૭, ગાંધીનગર.
૯) નિયામકશ્રી, પાઠયપુસ્તક મંડળ, સેક્ટર-૧૦ એ, ગાંધીનગર.
૧૦) નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ, બ્લોક નં:-૧૨ જુના સચિવાલય, ગાંધીનગર.
૧૧) નિયામકશ્રી,જીસીઆરટી સેક્ટર-૧૨ ગાંધીનગર.
૧૨) અધ્યક્ષશ્રી, રાજય પરીક્ષા બોર્ડ સેક્ટર-૨૧ ગાંધીનગર.
૧૩) નિયામકશ્રી, ટેકનીકલ શિક્ષણ, સેક્ટર-૧૦ એ ગાંધીનગર.

નકલ રવાના અમલવારી સારૂ.

૧) ખાસ ફરજપરના અધિકારીશ્રી, સદર કચેરી.
૨) કંટ્રોલર ઓફ એકાઉન્ટન્ટશ્રી(CAS), સદર કચેરી.
3) નાયબ નિયામક પરીક્ષા (વિજ્ઞાન પ્રવાહ) અને (સામાન્ય પ્રવાહ) અને માધ્યમિક વિભાગ, સદર કચેરી.
૪) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી તમામ, ગુજરાત રાજય તરફ શાળાઓને અને વિદ્યાર્થીઓને જાણ કરવા.
૫) સદર કચેરીની શાખાઓ તરફ.